ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૨૩/૨૩–૨૪/ 1221 તારીખ : 11 AUG 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા,**
**મું.બાકરથળી,**
**તા.વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૨૩/૨૩–૨૪

**મો.નં–૯૫૮૬૭૨૩૦૧૮**

**વિષય : મીટર બદલી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૪/૦૬/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૩૦/૦૬/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૨૩–૨૪/૧૧૦૭ તા.૦૭/૦૭/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૨૩–૨૪/૧૧૪૧ તા.૧૭/૦૭/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૦૭/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

RKY
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,** સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૩/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૪/૦૭/૨૦૨૩** ◈

**વાદી** :– **ગેરહાજર**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી,સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા, મું.બાકરણથળી, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરની મીટર બદલી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૩/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૨૩–૨૪/૧૧૦૭ તા.૦૭/૦૭/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૭/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી,સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા, ગામઃ બાકરથાળી, તા.વઢવાણ ના રહેવાસી છે તેઓ ગ્રાહક નંબર–૨૫૯૧૦/૦૦૮૧/૧ થી ખેતીવાડી હેતું માટેનું ૭.૫ એચ.પી.નું વીજ જોડાણ પેટા વિભાગીય કચેરી સુરેન્દ્રનગર રૂરલ માં ધરાવે છે.

૧.૨ વાદીની રજુઆત છે કે, તેઓનું વીજ જોડાણ વઢવાણ તાલુકાનાં બાળા ગામમાં રેવન્યુ સર્વે નંબર – ૪૦૨ માં તા.૧૭.૦૬.૨૦૨૧ થી ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૩ વાદીની રજુઆત છે કે,અમારા વીજ જોડાણમાં ખામી હોય અવારનવાર લાઈટ આવ–જાવ કરે છે તેમજ છેલ્લા બે મહિનાથી લાઈટ બંધ છે. જે માટે અમો દ્વારા વીજ કચેરી ખાતે જાણ કરતાં જણાવેલ કે, તમારૂં મીટર બદલવાનું થાય છે.

૧.૪ વાદી જણાવે છે કે મીટર બદલવા માટે તા.૨૬.૦૬.૨૦૨૩ ના રોજ રૂ.૪૭૦/– લઈ બીલ ના ભરેલ હતાં. તેમજ તા.૨૬.૦૫.૨૦૨૩ ના રોજ મીટર બદલવા માટેનો ચાર્જ રૂા.૪૨૦/– રસીદ નંબર – ૨૮૭૩૯૭ થી વીજ કચેરી ખાતે ભરેલ છે. પણ આજ દિન સુધી મીટર બદલવામાં આવેલ નથી.

૧.૫ આમ સદર મીટર તાત્કાલિક બદલી આપવા રજુઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડિયા, ગામ–બાકરથળી, તા–વઢવાણ દ્વારા જે બાબતની રજુઆત કરેલ છે તે અન્વયે પેટા વિભાગીય કચેરી સુરેન્દ્રનગર રૂરલ દ્વારા તા. ૧૮.૦૭.૨૦૨૩ ના રોજ વાદીનું મીટર બદલવામાં આવેલ છે. જેથી ગ્રાહકની ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ છે. મીટર બદલાવેલ પ્રફોર્માની નકલ આ સાથે જોડેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી ચંદુભાઈ ભવાનભાઈ ડોડીયા, રે.બાકરથળી, તા.વઢવાણ દ્વારા વિજ મીટર બદલવાની અરજી કરી પૈસા ભર્યા હોવા છતાં, પ્રતિવાદી દ્વારા બદલી આપવામાં ન આવતા ફોરમને રજૂઆત કરેલ છે. તેમના ગ્રાહક નં.૨૫૯૧૦/૦૦૮૮૧/૧ થી ૭.૫ એચ.પી નું ખેતીવાડી વીજ જોડાણ તા.૧૭/૦૬/૨૦૨૧ થી ધરાવે છે તથા વાંરવાર લાઈટ આવન–જાવન થતી હોવાને કારણે મીટર બદલવાની અરજી પ્રતિવાદીની કચેરીને કરી બદલવાનો ચાર્જ રૂ.૪૭૦/– પણ તા.૨૯.૦૫.૨૦૨૩ થી ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, અરજી કર્યા તારીખ સુધી પ્રતિવાદી દ્વારા મીટર બદલી આપેલ ન હોવાની રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની અરજી ફોરમ દ્વારા પ્રતિવાદીને મોકલવામાં આવતાં પ્રતિવાદીની સુરેન્દ્રનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ લેખિત જવાબ મુજબ, વાદીનું મીટર તા. ૧૮.૦૭.૨૦૨૩ થી બદલી આપવામાં આવેલ છે તથા ફરિયાદનો નિકાલ કર્યા હોવાનું જણાવેલ છે.

૩.૩ આજરોજ તા.૨૪.૦૭.૨૦૨૩ ની રૂબરૂ સનાવણીમાં વાદી હાજર રહેલ નથી, પરંતુ, સુનાવણી દરમ્યાન તેમનો ટેલીફોનીક સંપર્ક કરતાં, તેમણે તેમનું મીટર પ્રતિવાદીએ બદલી આપ્યાનું તથા હવે કોઈ પ્રશ્ન રહેતો ન હોવાનું જણાવેલ છે.

૩.૪ આમ, વાદી ની ફરીયાદનું પ્રતિવાદી દ્વારા નિરાકરણ કરી આપવામાં આવેલ હોઈ, ફોરમે હવે કશો હુકમ કરવાનો રહેતો નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | (જે.એ. ગોસાઈ) | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :— **૨૪/૦૭/૨૦૨૩**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.